C/5

ફા.ક્ર.: ગમક/૧૦૨૦૧૮/૮૧૧/ખ૧
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
બ્લોક નં.૫/૪થો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૧/૨૦૨૦

પ્રતિ,

- કમિશનરશ્રી,
કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી,
ઉદ્યોગભવન, ગાંધીનગર.

- નિયામકશ્રી,
ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,
સેકટર-૧૨, ગાંધીનગર.

વિષય: ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાને વિકસાવેલ ઊર્જા બચાવતી ભઠ્ઠી સબસીડીથી પુરી પાડવાની યોજના

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: આરટીઆઇ/૧૦૨૦૧૪/૫૩૦(૩૯૦૬૪૭)/ખ૧, તા.૩૦/૦૭/૨૦૧૪ અને કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી, ગાંધીનગરના તા.૨૦/૦૬/૨૦૧૮ના પત્ર ક્રમાંક: તલમ/૦૧/ગ-૧/માટીકામ/૬૬૦/૧૮ના અનુસંધાને રાજયમાં માટીકામ સાથે સંકળાયેલા કારીગરો તથા કારીગરના સમૂહોને ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા વિકસાવવામાં આવેલ ઊર્જા બચાવતી ભઠ્ઠી ૧૦૦ ટકા સબસીડીના ધોરણે આપવાની યોજનાનો લાભ ઓછામા ઓછા ૨(બે) કારીગરોના જુથને આપવાની મંજુરી આપવામાં આવે છે.

આ બાબતે સમાનાંકી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૧/૦૧/૨૦૨૦થી અનુમતિ મળેલ છે.

આપની વિશ્વાસુ

(એમ.એમ.ડાભી)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

Shri D.K.
ELb.

GMIC & RTI
Gandhinagar
No: ૪૧૯૭
Date: ૨૦/૧/૨૦

**કુંભારીકામના કારીગરના સમુહોને ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાએ વિકસાવેલ નવીન સાધનો સબસીડીથી પુરા પાડવાની યોજના**

## ગુજરાતસરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ આરટીઆઇ/૧૦૨૦૧૪/૫૩૦ (૩૯૦૬૪૭)/ખ૧

સચિવાલય, ગાંધીનગર

તા. 13/2/2014

**વંચાણે લીધાં :-**

(૧) ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામટેકનોલોજી સંસ્થાનની સીંગલ ફાઇલ ક્રમાંકઃ ગુ.મા.ક.આર.ટી.આઇ/૧૬-૭૬૦/૩-૧/ ૧૪-૧૫ થી મળેલ દરખાસ્ત.

(૨) વિભાગનો ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦૨૦૦૬-૧૩૭૩-ખ-૧ ,તા. ૧૮-૮-૨૦૦૭

**આમુખ :**

ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન દ્વારા કુંભારીકામ અને માટીકામ સાથે સંકળાયેલા કારીગરોનાં ઉત્પાદનો તૈયાર કરવા માટેની ઉત્પાદન પ્રકિયા સરળ બનાવવા,તેઓના આરોગ્ય સામેનું જોખમ ઘટાડવા તથા ઊર્જાની બચત થાય અને ઉત્પાદનો ગુણવત્તાયુકત બને તે માટે ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન દ્વારા (૧) ઊર્જા બચાવતી સુધારેલી ભઠ્ઠી તથા આધુનિક માટીકામ માટે (૨) બ્લન્ઝર મશીન (૩) પોટમીલ અને બોલ મીલ તથા (૪) માટીના દાણા પાડવાનું મશીન વિકસાવવામાં આવેલ છે.

કુંભારીકામના કારીગરોના સમૂહોમાં સદર ટેકનોલોજીની નિદર્શનીય અસર ઊભી થાય અને કુંભારીકામના કારીગરો આ ટેકનોલોજીનો ઉપયોગ કરતા થાય તે માટે સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલ ઊર્જા બચાવતી સુધારેલી ભઠ્ઠી,૧૦૦ ટકા સબસીડીથી અને બ્લન્ઝર મશીન, પોટમીલ અને બોલ મીલ તેમજ માટીના દાણા પાડવાનું મશીન ૫૦ ટકા સબસડીથી પુરા પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકારશ્રી દ્વારા રાજયમાં માટીકામ સાથે સંકળાયેલા કારીગરો તથા કારીગરના સમૂહો નવીનતમ ટેકનોલોજીના સાધનનો ઊપયોગ કરતા થાય, સુધારેલી ભઠ્ઠીનો ઉપયોગ કરે જેથી ઊર્જાનો બચાવ થાય, કારીગરોની ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય, તેઓની આરોગ્ય સામેના જોખમો ઓછાં થાય તે માટે ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા વિકસાવવામાં આવેલ નવીનતમ ટેકનોલોજીના સાધનો ૫૦ ટકા સબસીડીના ધોરણે અને ઊર્જા બચાવતી ભઠ્ઠી ૧૦૦ ટકા સબસીડીના ધોરણે આપવાની યોજનાને આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) બ્લન્ઝર મશીન, બોલ મીલ અને પોટમીલ અને માટીના દાણા પાડવાનું મશીન સહાય માટે લાભાર્થીઓની પસંદગી, ઉદ્યોગ અને ખાણ વિભાગના માટીકામ કારીગરોની કૌશલ્ય તાલીમ અને સહાય યોજનાના ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦૨૦૦૬-૧૩૭૩-ખ-૧ તા. ૧૮-૮-૨૦૦૭ મુજબ એક કુટુંબ દીઠ એકના

ધોરણે લાભાર્થીઓનો ૫૦ ટકા ફાળો મેળવી સાધન સહાય આપવાની રહશે. જયારે સુધારેલી ભઠ્ઠી બાંધી આપવા માટે આ યોજના અન્વયે લાભાર્થીઓના જૂથોની પસંદગી તથા તે માટેની શરતો અને બોલીઓ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેક્નોલોજી સંસ્થાન દ્વારા કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગના પરામર્શમાં તૈયાર કરી તેની માર્ગદર્શિકા મુજબ ભઠ્ઠી આપવાની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખોતવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગની ટેન્ડરીંગ અંગેની વખતોવખત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેના ખર્ચનું સદર નીચે મુજબ રહેશે.

માંગણી નંબર :**૪૯ જનરલ પ્લાન**
મુખ્ય સદર : ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉધોગો અંગે મુડી ખર્ચ જોગવાઇ
ગૌણ સદર : ૨૦૦ અન્ય ગ્રામીણ ઉધોગો
પેટા સદર : (૧૨)આઇએનડી-૩૦ ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન
વિગતવાર સદર : (૯) સહાયકી અનુદાન (ગ) અન્યને

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૨/૬/૨૦૧૪ ની નોંધ તેમજ નાણા સલાહકારશ્રી(ઉદ્યોગ)ની તા.૨૧/૭/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.ડી.મહેતા)
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર

- માન.મંત્રીશ્રી(નાણા)ના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

- માન.રા.ક.મંત્રી(ઉદ્યોગ)ના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર

- સચિવશ્રી,( કુટિર ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

-નાણાં સલાહકારશ્રી (ઉદ્યોગ) , નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ

- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

- બજેટ, પ્લાન, નાણા શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

- મહાલેખાકારશ્રી(ઓડિટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ

- કમિશનરશ્રી, માહિતી ખાતુ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- કોમ્પ્યુટર સેલ (વેબસાઇટ પર મૂકવા) ઉદ્યોગ અને ખાણ વિભાગ - સિલેકટ ફાઇલ.